10829-56

ક્રમાંક: ઉશિક/SSIP/PPEC/2020/
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં. 12/2, ડો. જે.એમ.ભવન,
ગાંધીનગર. તા. 16/07/2020

પ્રતિ,
આચાર્યશ્રી તથા
SSIP કો-ઓર્ડિનેટર,

વિષય:- SSIP Cell અંતર્ગત (PPEC) મૂલ્યાંકન સમિતિની બેઠક બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે 17 જુલાઇ 2020 ના રોજ મૂલ્યાંકન સમિતિ (PPEC)ની બેઠક દરમિયાન મા.અગ્રચીવશ્રી શિક્ષણ તથા બે કમિશ્નરશ્રીઓની તથા અન્ય અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં આપશ્રીએ પ્રોજેક્ટ દર્ખાસ્ત રજુ કરવાની થાય છે. જેથી ઉપસ્થિત અધિકારીશ્રીઓનો પ્રોટોકોલ સચવાય તે રીતે પ્રોજેક્ટ દર્ખાસ્ત રજુ કરતાં સમયે પ્રસ્તુતકર્તાઓ દ્વારા નીચે જણાવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(1) બધી ભાગ લેતી સંસ્થાઓ / યુનિવર્સિટીઓ 17 મી જુલાઈ 2020 ના રોજ સવારે 10:30 વાગ્યે ઝૂમ પ્લેટફોર્મ પર ઓનલાઇન મીટિંગ રૂમમાં જોડાશે.

(2) ઓનલાઇન ઝૂમ મીટિંગ રૂમમાં જોડાયા બાદ, ખાતરી કરીલો કે તમારું માઇક્રોફોન અને વિડિઓ બંધ છે. જ્યારે તમારું પ્રેઝંટેશન કરવાનું કહેવામાં આવે ત્યારે જ તેને ચાલુ કરવાનુ રહેશે.

(3) દરેક કોલેજે પોતાનું પ્રેઝંટેશન ફક્ત લેપટોપ / ડેસ્કટોપ કે કંપ્યુટરથીજ કરવાનું છે. પ્રેઝંટેશન માટે કોઇએ પણ મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાનો નથી.

(4) ઝૂમ મીટિંગમાં પ્રેઝંટેશન વખતે માત્ર પ્રેઝંટેશન કરનારની કોલેજનું ટૂંકુ નામ અહીથી આપેલ નમ્બરજ હોવો આવશ્યક છે; દા.ત. 18. GAC Amirgadh, 19. GACC Jafarabad 20. GSC Valod, . અને પ્રેઝંટેશન સમયે જે તે વ્યક્તિએ પોતના નામ અને હોદ્દાનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(5) પ્રેઝંટેશન વખતે પોતાની PPT ડેસ્કટોપ પરજ રાખવી અને ડેસ્કટોપ પર વધારના ફોલ્ડરો કે ફાઇલો રાખવી નહીં અને સ્કિન પર કોઇ ખરાબ ચિત્ર રાખવું નહિ.

(6) મીટિંગ દરમિયાન સારી ઇન્ટરનેટ કનેક્ટિવિટીવાળા શાંત સ્થાનની પસંદગી કરવી જોઈએ, જેથી કોઈ ખલેલ અથવા ઇન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યાઓ ન થાય.

(7) જો શક્ય હોય તો, ટેકનીકલી કુશળતાવાળી વ્યક્તિને પ્રેઝંટેશન વખતે સાથે હાજર રખો.

(8) સંસ્થાના નામની જાહેરાત થતાં જ સંબંધિત સંસ્થાએ પોતાની સ્કિન શેર કરવાની રહેશે માટે તેની પૂર્વ તૈયારી રાખવી. (PPT પ્રેઝંટેશન વખતે સંપૂર્ણ સ્કીન પ્રસ્તુતિ માટે F5 દબાવો)

(9) પ્રસ્તુતકર્તા (જો એક કરતા વધુ હોય તો) બન્નેએ કોઇપણ એક જગ્યાએ સાથે હાજર રહેવાનું રહેશે.

(10) પ્રેઝંટેશન વખતે રુમમાં માત્ર એકજ ડિવાઇસ (લેપટોપ/કોમ્પ્યુટર) ચાલુ રાખવું જેથી અવાજમાં વિઘ્ન ન આવે.

(11) પ્રસ્તુતકર્તાએ યોગ્ય પોશાક પહેર્યો હોવો જોઈએ અને યોગ્ય શાંત જગ્યાએ બેસવું આવશ્યક છે.

Scanned with CamScanner

(12) પ્રસ્તુતકર્તાની આસપાસનો વિસ્તાર સ્પષ્ટ હોવો જોઈએ અને સમગ્ર પ્રસ્તુતિ દરમિયાન કોઈ ખલેલ હોવી જોઈએ નહીં.

(13) પ્રસ્તુતિ પૂર્ણ થયા પછી, કોઈપણ સૂચનાની રાહ જોયા વિના તરત જ પોતાની સ્ક્રીન અને ઓડિયો/વિડિયો બંધ કરો. જેથી પાછળની કોલેજ તેમની સ્ક્રીન શેર કરી શકે.

(14) જે સંસ્થા / યુનિવર્સિટી જે તે આપેલ સમય મુજબ તેના સ્થળ પર હાજર નથી અથવા કેટલાક ટેકનીકલી કારણોસર રજૂ કરવામાં સક્ષમ નથી, તે તમામ સંસ્થાઓને બધા પ્રેઝંટેશનના અંતે બોલાવવામાં આવશે. અને ક્યારે કઇ સંસ્થાને બોલાવવી તેનો નિર્ણય SSIP સેલ દ્વારા લેવામાં આવશે. વચ્ચે કોઇએ ખલેલ કરવી નહી.

(15) પ્રેઝંટેશન વખતે તમારી દરખાસ્તોના મજબુત પાસા જ રજુ કરવાના રહેશે. જેમાં ખાશ બજેટ અને એક્શન પ્લાન વ્યવસ્થિત રીતે રજુ કરવા. રજૂઆતમાં નકારાત્મક મુદ્દા, મર્યાદાઓ વગેરે ટાળવી.

(16) પ્રસ્તુતકર્તા પોતે સારી રીતે બોલી શકે તેવી કોઈપણ ભાષા (અંગ્રેજી / ગુજરાતી / હિન્દી) નો ઉપયોગ કરી શકે છે .

SSIP Cell દ્વારા આપેલ સુચનાઓ મેં વાંચી છે. અને PPEC કમિટિ સામે પ્રેઝંટેશન રજૂ કરતી વખતે આ સુચનાઓનું હું ચૂસ્ત રીતે પાલન કરીશ. તે બાબતનો પત્ર આચાર્યશ્રી મારફતે **ssipgujarat@gmail.com** ઇ-મેઇલ પર આજેજ મોકલવાની રહેશે. અને આવો પત્ર મોકલનાર કોલેજ/સંસ્થાને જ પોતાનું પ્રેઝંટેશન રજૂ કરવા મળશે.

જોઈન્ટ કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કામિશ્નરશ્રીની કચેરી,
ગાંધીનગર

Scanned with CamScanner